: Review Questions:

૧૪ ગુણસ્થાનક.

૧) — આયુષ્ય કર્મ જીવનમાં એક જ વાર આયુષ્ય પૂરૂ થવા આવે ત્યારે બંધાય.

૨) — જાતિભવ્ય અને અભવ્ય જીવો મોક્ષે ન જઈ શકે.

૩) — અપુનર્બંધક અવસ્થામાં આવેલો જીવ "આદિધાર્મિક" કહેવાય.

૪) — આત્મા (જીવ) પહેલા ગુણસ્થાનેથી સીધો ચોથે ગુણસ્થાને આવે તે પહેલા યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અંતરકરણ કરે છે.

૫) — ફક્ત તીર્થંકરનો આત્મા જ કેવલી-સમુદ્ઘાત કરી શકે.

૬ — સર્વવિરતિ ગુણસ્થાનનું બીજું નામ છે "અપ્રમત્ત સંયત".

૭ — ક્ષપકશ્રેણીમાં ચઢતો જીવ ૯ કે ૧૨ ગુણસ્થાનકમાં મૃત્યુ પામી શકે.

૮ — રસોદય એટલે જેટલું તીવ્ર કર્મ બંધાયું હોય તેટલી તીવ્રતાથી ભોગવવું

૯ — ત્રીજા ગુણસ્થાને આવેલો જીવ ત્રીજેથી પહેલા ગુણસ્થાને પણ જાય અને ~~ફક્ત~~ ૪થા ગુણસ્થાને પણ જાય.

૧૦ — જીવ ચરમયથાપ્રવૃત્તિકરણ કરે એટલે ૧ પુદ્ગલપરાવર્તમાં આવી જાય.

૧૧ — મિથ્યાત્વ એ મનનો બાંધેલો છે.

૧૨ — સમ્યક્ત્વ પામેલો મનુષ્ય, સમકિત અવસ્થામાં પરભવનું આયુષ્ય બાંધે તો નિયમા (Always) દેવગતિનું જ બાંધે.

૧૩ — કેવલીસમુદ્ઘાત એટલે આત્મપ્રદેશોને શરીરમાંથી બહાર કાઢી ફેલાવી દેવા

૧૪ — ૧૪ મું ગુણસ્થાન એટલે મોક્ષ

૧૫ — અભવ્યજીવો કદીપણ ચરમયથાપ્રવૃત્તિકરણ ન કરી શકે.

૧૬ — ૫, ૬ અથવા ૭ મા ગુણસ્થાને આવેલો જીવ ઉપશમ અથવા ક્ષાયિક અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વવાળો હોઈ શકે.

૧૭_ ૧૧ મા ગુણસ્થાને જીવ મૃત્યુ પામે તો દેવલોકમાં જ જન્મે.

૧૮_ જો જીવ દુર્ભવી છઠ્ઠા ગુણસ્થાને આવે તો ભાવથી પણ છઠ્ઠું જ હોય

૧૯_ વર્તમાનકાળમાં ભાગ્યે જ કોઈક જીવને પહેલું સંઘયણ હોઈ શકે.

૨૦_ ક્ષપકશ્રેણીમાં ચડતો જીવ ૧૧ મા ગુણસ્થાનેથી પડે જ નહિ.

૨૧_ જેનો સંસાર અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળથી વધુ બાકી હોય
તે જીવ અચરમાવર્તકાળમાં જ હોય

૨૨_ માર્ગપતિત એટલે માર્ગમાં પડેલો.

૨૩_ અઘાતી કર્મ આત્માના ગુણોનો ઘાત કરી શકે.

૨૪_ દેવગતિ અને નરકગતિમાં રહેલો જીવ જો સમ્યગ્દૃષ્ટિ હોય
તો નિયમા મનુષ્યગતિનું જ આયુષ્ય બાંધે.

૨૫_ "સાસ્વાદન" અને "ક્ષીણમોહ" ગુણસ્થાને રહેલો જીવ હંમેશા પડે.

૨૬_ ૧ આવલિકા = અસંખ્યાત સમય

૨૭_ સૌથી વહેલાં કેવળજ્ઞાન મનુષ્ય પામે, ત્યારપછી સર્વાર્થસિદ્ધ
વિમાનમાં રહેલો દેવ પામે.

૨૮_ બીજું ગુણસ્થાન ચડતા અને પડતા જીવને આવે જ.

૨૯_ દર્શન સપ્તક એટલે સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય,
મિથ્યાત્વ મોહનીય અને અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ.

૩૦_ પ્રદેશોદય એટલે બંધાયેલા કર્મોની તીવ્રતાને મંદ કરીને
ભોગવવું.

૩૧_ જીવ અંતરકરણમાંથી બહાર નીકળે કે તરત જ તેને
ઉપશમ સમ્યક્ત્વ પ્રગટ થાય.

૩૨_ ૧ પૂર્વ = ૮૪ લાખ × ૮૪ લાખ વર્ષ.

33 — ૧૪ મા ગુણસ્થાને આત્મા શૈલેશીકરણ કરે છે.

34 — ૭ મા ગુણસ્થાને ધર્મધ્યાન ઓછું અને આર્તધ્યાન વધુ હોય

35 — ૧૪ મા ગુણસ્થાને અલ્પ કર્મબંધ થાય

36 — ૧૦ મા ગુણસ્થાને પ્રવેશતા જ મોહનીય કર્મનો સર્વથા ઉપશમ કે ક્ષય થાય છે.

37 — ૧૧ મા ગુણસ્થાને આવેલા જીવ "છદ્મસ્થ વીતરાગ" કહેવાય.

38 — જાતિભવ્ય જીવો અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે પણ મોક્ષ પામે નહિ

39 — અભવ્ય જીવ બાદર વનસ્પતિકાયમાં આવી શકે.

40 — "સયોગી કેવળી" ગુણસ્થાને "યોગનિરોધ" થાય.

41 — અભવ્યજીવ દીક્ષા લે પણ ભાવથી મિથ્યાત્વમાં હોય

42 — દીક્ષા પામેલો જીવ મિથ્યાત્વી હોય જ નહિ

43 — સમ્યગ્દર્શન પામ્યા પછી વધુમાં વધુ અર્ધપુદ્ગલપરાવર્ત કાળમાં જીવનો મોક્ષ થાય જ.

44 — ચોથા ગુણસ્થાનકે રહેલા જીવમાં વૈરાગ્ય છે પણ ત્યાગ નથી

45 — "નોકષાય" એટલે કષાયો કરવા નહિ

46 — જેણે દર્શનસપ્તકનો ક્ષય કર્યો છે તે જીવ "રત્નસત્તાવાળો" કહેવાય.

47 — "અપૂર્વસ્થિતિબંધ" એટલે પહેલા ક્યારેય ન બાંધ્યું હોય તેવું અલ્પ કર્મબંધ.

48 — "અધ્યવસાય" એટલે આત્મામાં રહેલા ભાવો.

49 — જ્ઞાનાવરણીય કર્મનો ઉપશમ થઈ શકે

50 — એક ભવમાં વધુમાં વધુ ચાર વાર ઉપશમ શ્રેણી માંડી શકાય